GJPM020027632022

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૨/૦૨/૨૦૨૨ |
| નોંધ્યા તારીખ | : | |
| નિર્ણય તારીખ | : | ૨૪/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ:. માસ: દિવસ: |

**************************************************************

**પંચમહાલ જિલ્લાના મહે. એડી.જ્યુ.મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ જે.જે.થરાચીલ સાહેબની કોર્ટમાં**

**મુકામ : ગોધરા.**

**************************************************************

**ક્રીમીનલ કેસ નંબર:૧૪૭૨/૨૦૨૨**

**આંક :–**

**ફરીયાદી :** **શ્રી સરકાર**

**વિરુધ્ધ**

| **આરોપી :** | **ઉ.વ.** | **ધંધો.** | **રહેવાસી.** |
|---|---|---|---|
| ઈદરીસ સુલેમાન હયાત | પુખ્ત | મજુરી | મોહમંદી સોસાયટી, ઘંત્યા પ્લોટ, તા.ગોધરા, જિ.પંચમહાલ. |

**ગુન્હો :** ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ– ૨૦૧૧ના સુધારા ની કલમ ૫,૮,૧૦ તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫ એ,૧૦ મુજબ.

**************************************************************

**સરકાર તર્ફે એ.પી.પી.શ્રી એમ.વી.પટેલ.**

**આરોપી તર્ફે વિ.વ.શ્રી એમ.એ.મન્સુરી.**

**************************************************************

**–: ચુકાદો :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કલાક ૧૭.૩૦ વાગ્યાનાં સુમારે મોજે હમીરપુર ફાટક પાસે બાવડીઓની ઝાડીઓમાં ગોધરા ખાતે બળદો તથા ગાયોને ઘાસચારો કે પાણીની વ્યવસ્થા રાખ્યા વગર દયનીય હાલતમાં કતલ કરવાના ઈરાદે પગમાં તેમજ ગળામાં ટુકા

ટુકા દોરડાથી ક્રુરતાપુર્વક બાંધી બળદો નંગ-૮ તથા ગાયો નંગ-૭ તથા પાડો નંગ-૧ ના મળી કુલ પશુ નંગ-૧૬ ની કુલ કિ.રૂા.૬૩,૦૦૦/- રાખી હાજર નહી મળી આવી, ગુન્હો કરી, ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ- ૨૦૧૧ના સુધારા ની કલમ. ૫,૮,૧૦ તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫એ,૧૦ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ હોય,ફરીયાદીની ફરીયાદના આધારે ગુનાની તપાસના અંતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા પોલીસે ચાર્જશીટ કરેલ છે.

(૨) સદર કામે આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સની બજવણી બાદ આરોપી હાજર થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે આરોપીને ક્રી.પ્રો. કોડની કલમ-૧૭૩ મુજબના પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૧ અન્વયે આરોપીને ગુન્હા અંગે સમજ કરી, આંક-૧૦ થી તહોમતનામું ફરમાવી, આરોપીની આંક-૧૧ થી પ્લી લેતાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની માંગણી કરતા કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**-:: મૌખિક પુરાવો ::-**

| અનુ.નં. | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ચીરાગકુમાર કાંતીલાલની જુબાની | ૧૨ |
| ૨. | પંચસાહેદ પ્રતિક હર્ષદભાઈ ખરાદીની જુબાની | ૧૪ |
| ૩. | સાહેદ અભેસિંહ જીગરભાઈની જુબાની | ૧૬ |
| ૪. | સાહેદ મુકેશકુમાર રણછોડભાઈની જુબાની | ૧૭ |
| ૫. | સાહેદ સુભાષભાઈ મહેશભાઈની જુબાની | ૧૯ |
| ૬. | સાહેદ સિધ્ધરાજસિંહ ગીરવતસિંહની જુબાની | ૨૦ |
| ૭. | સાહેદ ઉમેશકુમાર પારસીંગભાઈની જુબાની | ૨૧ |
| ૮. | ત.ક.અ.નરેશકુમાર કાલીદાસ ડામોરની જુબાની | ૩૧ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૩ |
| ૨. | ગુન્હાવાળી જગ્યા તથા મુદ્દામાલ રીકવરીનું પંચનામું | ૧૫ |
| ૩. | સુચિપત્ર | ૩૨ |
| ૪. | ડેપ્યુટ હુકમ | ૩૩ |
| ૫. | મુદ્દામાલ પાવતી | ૩૪ |

(૪) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ સદર કામે આરોપીનું ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામા આવેલ જેમાં આરોપીને તેની સામેના ગુન્હાની સમજ આપી તે સંબંધમાં જવાબ નોંધતા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં તથા સાંભળતા લેવામાં આવેલ હોવાની હકીકત કબુલી બાકીની હકીકતોનો ઈન્કાર કરેલ છે. આરોપીએ પોતાને સોગંદ પર જુબાની આપવી નથી કે બચાવના કોઈ સાહેદ તપાસવા નથી તેવું જણાવેલ છે. વિશેષમાં તેની સામે ખોટો કેસ કરેલ છે અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે,આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોય, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી એ એવી દલીલ કરી જણાવેલ છે કે આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમત મુજબનો ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૬) ઉપર મુજબની રૂપરેખા ધરાવતા આ કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાને પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કલાક ૧૭.૩૦ વાગ્યાનાં સુમારે મોજે હમીરપુર ફાટક પાસે બાવડીઓની ઝાડીઓમાં ગોધરા ખાતે બળદો તથા ગાયોને ઘાસચારો કે પાણીની વ્યવસ્થા રાખ્યા વગર દયનીય હાલતમાં કતલ કરવાના ઈરાદે પગમાં તેમજ ગળામાં ટુકા ટુકા દોરડાથી ક્રુરતાપુર્વક બાંધી બળદો નંગ–૮ તથા ગાયો નંગ–૭ તથા પાડો નંગ–૧ ના મળી કુલ પશુ નંગ–૧૬ ની કુલ કિ.રૂા.૬૩,૦૦૦/– રાખી હાજર નહી મળી આવી, ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ–૨૦૧૧ના સુધારા ની કલમ. ૫,૮,૧૦ તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫એ,૧૦ મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) **નકારાત્મક**

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના મારા કારણો,અવલોકનો અને તારણો નીચે મુજબ છે.

**: : કા ર ણો : :**

**મુદ્દા નં. ૧ :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરૂધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ધ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુન્હો શંકા રહીત પુરવાર કરવો જોઈએ. આરોપીપક્ષે ઉલટતપાસ ધ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રસ્થાપિત કરવો જોઈએ અને જો કોઈ વિશેષ બચાવ પોતાનો હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો

જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદ પક્ષનો પુરાવો સફળ થાય છે તેવું માની શકાય નહીં. પરંતુ સૌ પ્રથમ ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ શંકા રહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

(૯) ફરીયાદપક્ષે આરોપી સામે ગુન્હો પુરવાર કરવા માટે આ કામના આરોપીએ ગઈ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કલાક ૧૭.૩૦ વાગ્યાનાં સુમારે મોજે હમીરપુર ફાટક પાસે બાવડીઓની ઝાડીઓમાં ગોધરા ખાતે બળદો તથા ગાયોને ઘાસચારો કે પાણીની વ્યવસ્થા રાખ્યા વગર દયનીય હાલતમાં કતલ કરવાના ઈરાદે પગમાં તેમજ ગળામાં ટુકા ટુકા દોરડાથી ક્રુરતાપુર્વક બાંધી બળદો નંગ-૮ તથા ગાયો નંગ-૭ તથા પાડો નંગ-૧ ના મળી કુલ પશુ નંગ-૧૬ ની કુલ કિ.રૂા. ૬૩,૦૦૦/- રાખી હાજર નહી મળી આવી, ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ-૨૦૧૧ના સુધારા ની કલમ. ૫,૮,૧૦ તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫એ,૧૦ મુજબનો ગુન્હો કરેલ હોય, તે હકીકત રેકર્ડ પર પુરાવા ધ્વારા પુરવાર થવી મહત્વની અને જરૂરી છે.

(૧૦) ફરીયાદપક્ષે ફરીયાદી ચીરાગકુમાર કાંતીલાલે આંક-૧૨ થી તથા સાહેદ અભેસિંહ જીગરભાઈએ આંક-૧૬ થી તથા સાહેદ મુકેશકુમાર રણછોડભાઈએ આંક-૧૭ થી તથા સાહેદ સુભાષભાઈ મહેશભાઈએ આંક-૧૯ થી તથા સાહેદ સિધ્ધરાજસિંહ ગીરવતસિંહે આંક-૨૦ થી તથા સાહેદ ઉમેશકુમાર પારસીંગભાઈએ આંક-૨૧ થી જુબાની આપી જણાવેલ છે કે, હુ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ ગોધરા શહેર બી.ડીવી.પો.સ્ટે.મા પો.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન મહે નાયબ પો.અધિ.ગોધરા વિભાગનાઓની સુચના મુજબ પો.સ.ઈ. શ્રી ડામોર સાહેબનાઓને બાતમીદારથી બાતમી મળેલ કે, ઈદરીસ સુલેમાન હયાતનાઓ હમીરપુર ફાટક પાસે ઝાડીઓમાં પશુઓને ક્રુરતા પુર્વક બાંધી રાખેલ છે અને કતલ કરાવાના છે. તેવી બાતમી ના આધારે અમારા ઉપલા અધિકારી સાથે અમો તથા એલ.સી.બી. પો.સ્ટાફના માણસો તથા અન્ય પોલીસ

સ્ટાફના માણસો એ રીતના તૃપ્તી હોટેલ ખાતે ભેગા થયેલા અને બે અલગ અલગ ટીમો બનાવીને બે પંચોના માણસોને બોલાવીને પોલીસ સ્ટાફના માણસો તથા પંચોને બાતમી હકકીત થી વાકેફ કરી એ રીતના સરકારી વાહનોમા બેસી બાતમીવાળી જગ્યાએ હમીરપુર, રોકડીયા હનુમાન મંદીર પાછળ ખુલ્લી જગ્યામા જઈને વાહનો ઉભા રાખેલા અને વાહનોમાથી ઉતરી મળેલ બાતમી મુજબ તપાસ કરતા ત્યા સ્થળ ઉપર ઝાડીઓમા મુંગા પશુઓને ક્રુરતા પુર્વક મોઢું તથા ગળામાં ટુંકા દોરાડા બાંધી રાખેલ હતા અને પાણી તથા ઘાસ ચારાની વ્યવસ્થા રાખેલ ન હતી. જેથી સ્થળ ઉપર પશુઓને દોરડા વડે બાંધી રાખેલ હોય તે દોરડાઓને કાપીને પશુઓને બહાર કાઢી જોતા બળદો નંગ–૦૮ તથા ગાય નંગ–૦૭ તથા એક પાડો મળીને કુલ–૧૬ પશુઓની કુલ કિ. રૂા.૬૩,૦૦૦/– ગણી તમામ પશુઓને પાંજરાપોળ ખાતે સોંપવામા આવેલ અને તે બાબતનુ વીગતવારનુ પંચનામુ કરવામા આવેલ. જે બાબતે ફરીયાદીએ ગોધરા શહેર બી ડીવી. પો.સ્ટે.મા ફરીયાદ નોંધાવેલી. જે આંક–૧૩ થી રજુ છે.આરોપીને જોયેથી હુ ઓળખુ.

જયારે બચાવપક્ષે ફરીયાદી તથા સાહેદોની કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, સ્થળ ઉપરથી કોઈ આરોપીની અટક કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે બાતમી કેટલા વાગ્યે મળેલી અને અમો બાતમી વાળા સ્થળ ઉપર કેટલા વાગ્યે પહોંચ્યા તેનો ચોકકસ સમય મે મારી ફરીયાદ/નિવેદનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોના નામ સરનામા મે મારી ફરીયાદ/નિવદેનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોની હાજરીમા કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ કે સરતપાસમાં વાહનો ના નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે દરેક સરકારી વાહનની લોગબુક નીભાવવામા આવે છે. એ વાત ખરી છે કે આ કામે હુ પંચોને બોલાવવા ગયેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ લોકોની

અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી સોનીવાડ તથા કાજીવાડ ૬ થી ૭ કી.મી. ના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે આ ૬ થી ૭ કી.મી. ના અંતર વચ્ચે ઘણા બધા રહેણાંક મકાનો તથા દુકાનો આવેલી છે અને લોકોની અવર જવર ચાલતી રહે છે.એ વાત ખરી છે કે બનાવવાળુ સ્થળ જે ખુલ્લી જગ્યા છે તે કોની માલીકીનુ છે તે અંગેના કોઈ દસ્તાવેજ મે આ કામે રજુ કરેલ નથી.

(૧૧) ફરીયાદપક્ષે પંચસાહેદ પ્રતિક હર્ષદભાઈ ખરાદીએ આંક.૧૪ થી જુબાની આપી જણાવેલ છે કે, તા. ૦૮/૦૮/૨૦૧૮ ના રોજ ગોધરા શહેર બી ડીવી.થી ફોન આવેલો અને જણાવેલ કે તૃપ્તી હોટેલ પાસે આવીને હાજર થાવ તેથી હુ ત્યા તૃપ્તી હોટેલ પાસે આવેલ ત્યારે ત્યા બીજા પોલીસના માણસો હાજર હતા અને મારી સાથે પ્રજ્ઞેશભાઈ સંમુતલાલ સોની પણ પંચ તરીકે હાજર હતા. ત્યા પોલીસે અમોને સમજ કરેલી કે રોકડીયા હનુમાન મંદીર ની પાસે કેટલાક ગૌવંશ બાંધેલા છે તેવુ જણાવતા અમો તથા પોલીસ સ્ટાફના માણસો સરકારી વાહોનમા રોકડીયા હનુમાન મંદીર પાસે ગયા હતા અને ત્યા ખુલ્લી જગ્યામા જઈને જોયેલ તો કેટલાક ગૌવંશ પગમા તથા ગળામા ટુંકા દોરડા વડે બાંધેલા હતા અને પાણી કે ઘાસચારાની કોઈ વ્યવસ્થા ન હતી. ત્યા પોલીસે બાંધી રાખેલા ગૌવંશના દોરડા કાપી નાખી છુટા પાડીને આ પશુઓને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપેલ. બપોરનન ૩:૩૦ થી ૫:૪૫ સુધીમા આ કાર્યવાહી પુર્ણ કરેલી. મને પંચનામાની નકલ બતાવવામા આવે છે તેમા પંચ નં. ૨ તરીકે મારી સહી છે, જેને આ કામે રજુ દાખલ આંક.૧૫ આપવામા આવે છે.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, હુ પશો અંગેના ઘણા કેસોમા પંચ તરીકે રહેલ છુ. એ વાત ખરી છે કે્ હુ ગોધરામા ગૌરક્ષક તરીકેની સેવા કરુ છુ. એ વાત ખરી છે કે હુ અવાર નવાર પો.સ્ટે.મા જતો હોઉ પોલીસ મને સારી રીતે ઓળખે છે. એ વાત ખરી છે કે મારી ઉપર કોનો ફોન

ઓલો કેટલા વાગ્યે આવેલા તે હકકીત મે મારા પંચનામા મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોને ફોન આવતા ઓમ તૃપ્તી હોટેલ ઉપર કેટલા વાગ્યે કયા સમયે કયા વાહનમા ગયેલ તે પણ પંચનામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમારી હાજરીમા કોઈ પ્રાથમીક પંચનામુ કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે આ ટુંકા દોરાડા અમારી રૂબરૂ કબજે કરેલ હોય, તે વીગત અમોએ પંચનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમા પોલીસે જે બનાવ ની જગ્યા ઉપરથી આ પશુઓ મળી આવેલ છે તે જગ્યા કોની છે તે બાબતની કોઈ તપાસ કરેલ નથી કે પશુઓ કોની માલીકીના છે તેને પણ કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા સ્થળ ની આસપાસ ખેતરો આવેલા છે.

(૧૨) ફરીયાદપક્ષે ત.ક.અ.નરેશકુમાર કાલીદાસ ડામોરે આંક.૩૧ થી જુબાની આપી જણાવેલ છે કે, તા.૦૮.૦૮.૧૮ ના રોજ ગોધરા બી.ડીવી.મા પો.સ.ઈ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે અમો તથા પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશનમા હાજર હતા તે વખતે એક ખાનગી બાતમીદાર થી અમારા પોલીસ સ્ટાફના પો.અધી.શ્રી ગોધરાના ઓની સુચના ના આધારે જાણવા મળેલ કે મોજે હમીરપુર ફાટક પાસે ખુલ્લી જગ્યામાં બાવળીયાઓની ઝાળીઓમા ગૌવંસ ગેરકાયદેસર કતલ કરવાના ઈરાદે ક્રુરતા પુર્વક ત્યાં બળદો તથા ગાયોને ઘાસ ચારો કે પાણીની વ્યવસ્થા વગર દયનીય હાલતમા પગમા તેમજ ગળામા ટુંકા દોરડાથી બાંધી રાખેલ છે.તે બાતમી ના આધારે અમો તથા પોલીસ સ્ટાફના માણસો અને બે પંચોના માણસોને બોલાવી ને મળેલ બાતમી થી વાકેફ કરી તમામ પો.સ્ટાફ તથા પંચોના માણસો એ રીતના વુપ્તી હોટલથી ભેગા થઈને ગયેલા અને ાસ્થળ પર જઈને જોયેલ તો બાતમી મુજબ કેટલાક પશુઓને ટુંકા દોરડા વડે દયનીય હાલતમા બાંધી રાખેલ હોય તેથી ત્યા સ્થળ પર તપાસ કરતા ત્યા કોઈ મળી આવેલ ન હોય પશુઓને બાંધી રાખેલ ટુકા દોરડા કાપી નાખેલ આ બધા

પશુઓ ગણતા તેમા ૮ બળદ તથા ૫ ગાયો તથા ૧ પાડો એમ કુલ મળીને કીમત રૂા.૬૩,૦૦૦/- ગણી આ તમામ પશુઓને ત્યા સ્થળ પર પંચનામુ કરી પાંજરાપોળ મોકલી આપેલ ત્યારબાદ આ કામના આરોપી મુંગા પશુઓને ઘાસ ચારો કે પીવાના પાણીની વ્યવસ્થા રાખ્યા વગર કકતલ કરવાના ઈરાદે ટુંકા દોરડાથી બાંધી રાખતા ખુલ્લી જગ્યામા ઝાળીઓ માથી મળી આવેલ હોય તે બાબતની ફરીયાદ અમારા રુબરુ પો.સ્ટાફ ના પો.કો.ચીરાગકુમાર કાંતીલાલ ના ઓ એ ફરીયાદ નોંધાવેલ જે આ કામે આક-૧૩ થી રજુ છે જે પી.એસ.ઓ અબ્દુલ હઝીજ અ.રહીમ પઠાણના ઓએ ગોધરા શહેર બી.ડીવી.પો.સ્ટે સેકન્ડ ગુ.ર.નં-૧૨૯/૧૮ ગુ.પ.સ.અધી.૨૦૧૧ ની સુધારા ની ૨૦૧૭ ની કલમ-૫(ક)(ખ), ૮,૧૦ તથા જી.પી.એકટ-૧૧૯ મુજબ ગુન્હો રજી.કરી આગળ ની કાર્યવાહી માટે ડેપ્યુટ હુકમ મારી તરફ કરેલ મને સુચીપત્ર તથા ડેપ્યુટ હુકમ બતાવવામા આવે છે તેમા પી.એસ.ઓની સહી છે જે હુ ઓળખુ છુ જેને કામમા રજુ દાખલ આંક. ૩૨ તથા ૩૩ આપવામા આવે છે.ત્યાર બાદ આ ગુન્હાની તપાસ અમોએ સંભાળી લીધેલ અને ગુન્હા વાળી જગ્યાનુ પંચનામુ બે પંચોની હાજારી મા કરી ને ગુન્હાના કામે કરીને મુંગા પશુઓને પંચનામુ કરી ને પાંજરાપોળ ખાતે મોકલી આપવામા આવેલ મને આંક-૧૫ વાળુ પંચનામુ બતાવવામા આવે છે જેમા પંચો તથા રુબરુમા મારી સહી છે જે હુ ઓળખુ છુ ત્યાર બાદ આ ગુન્હાના કામે પોલીસ સાહેદો ના નીવેદન નોધી લઈ આ ગુન્હાના કામે પશુઓનુ પંચનામુ કરીને પાંજરાપોળ ખાતે મોકલી આપેલ અને મુદામાલ પાવતી તૈયાર કરોલ જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને આંક.૩૪ આપવામા આવે છે ત્યારબાદ આ ગુન્હા ના કામે મારી બદલી થયી જતા આ ગુન્હાની તપાસ.પો.સ.ઈ એમ.એસ.મુનીયા નાઓ એ સંભાળતા તેઓએ આ ગુન્હાના કામે જરુરી પોલીસ પેપર્સ લીસ્ટ થી સામેલ રાખી આરોપી વિરુઘ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ આરોપી ને હુ ઓળખુ છુ.

જયારે બચાવપક્ષે કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, હુ સદર ગુન્હાના કામે રેડીંગ પાર્ટીનો સભ્ય હતો ફરીયાદ પણ મારી રુબરુ લેવામા આવેલ છે અને આ કામે શરુઆતની તપાસ અધીકારી ની તપાસ પણ અમોએ કરેલ છે.એ વાત ખરી છે કે કહેવાતી બાતમી મને મળેલ હોય તે અંગે પોલીસ ડાયરી મા કોઈ નોંધ કરેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદી ની ફરીયાદનમા બાતમી ચોકકસ કેટલા સમયે મળી પંચો પોલીસ સ્ટેશનમા કેટલા સમયે આવ્યા અને બનાવ વાળા સમયે કેટલા વાગે પહોચ્યા તે અંગેની કોઈ હકીકત ફરીયાદમા જણાવેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદ મા પંચો ના નામ ઠામ જણાવેલ નથી.એ વાત ખરી છે કે કયા સરકારી વાહનો બનાવવાળા સ્થળ પર ગયેલા તેના કોઈ નંબર ફરીયાદમા જણાવેલ નથી.એ વાત ખરી છે કે સ્થળ પરથી આરોપી ને અટક કરવામા આવેલ નથી.એ વાત ખરી છેકે આ જગ્યા કોના માલીકીની છે તે અંગનો મારી તપાસમા માલીકી અંગનો કોઈ પુરાવો મે મેળવેલ નથી.એ વાત ખરી છે કે આ કામે મે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે પંચોની હાજરી મા કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી.એ વાત ખરી છે કે હાલના આરોપીની નામજોગ બાતમી મળેલ.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૧૩) આ કામે સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આરોપીએ ગઈ તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કલાક ૧૭.૩૦ વાગ્યાનાં સુમારે મોજે હમીરપુર ફાટક પાસે બાવડીઓની ઝાડીઓમાં ગોધરા ખાતે બળદો તથા ગાયોને ઘાસચારો કે પાણીની વ્યવસ્થા રાખ્યા વગર દયનીય હાલતમાં કતલ કરવાના ઈરાદે પગમાં તેમજ ગળામાં ટુકા ટુકા દોરડાથી ક્રુરતાપુર્વક બાંધી બળદો નંગ–૮ તથા ગાયો નંગ–૭ તથા પાડો નંગ–૧ ના મળી કુલ પશુ નંગ–૧૬ ની કુલ કિ.રૂા.૬૩,૦૦૦/– રાખી હાજર નહી મળી આવી, ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ– ૨૦૧૧ના સુધારા ની કલમ. ૫,૮,૧૦

તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫એ,૧૦ મુજબનો ગુન્હો કરેલ છે. જે અન્વયે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષે ફરીયાદી ચીરાગકુમાર કાંતીલાલે આંક-૧૨ થી તથા સાહેદ અભેસિંહ જીગરભાઈએ આંક-૧૬ થી તથા સાહેદ મુકેશકુમાર રણછોડભાઈએ આંક-૧૭ થી તથા સાહેદ સુભાષભાઈ મહેશભાઈએ આંક-૧૯ થી તથા સાહેદ સિધ્ધરાજસિંહ ગીરવત સિંહે આંક-૨૦ થી તથા સાહેદ ઉમેશકુમાર પારસીંગભાઈએ આંક-૨૧ થી તપાસવામાં આવેલા છે. સદર ફરીયાદી તથા સાહેદોએ સરતપાસમાં મહદ અંશે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. પરંતુ સદર સાહેદોએ તેમની ઉલટતપાસમાં મહદઅંશે એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, સ્થળ ઉપરથી કોઈ આરોપીની અટક કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે બાતમી કેટલા વાગ્યે મળેલી અને અમો બાતમી વાળા સ્થળ ઉપર કેટલા વાગ્યે પહોંચ્યા તેનો ચોકકસ સમય મે મારી ફરીયાદ/નિવેદનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોના નામ સરનામા મે મારી ફરીયાદ/નિવદેનમા જણાવેલ નથી. એ વાત ખરી છે કે પંચોની હાજરીમા કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદ કે સરતપાસમાં વાહનોના નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે દરેક સરકારી વાહનની લોગબુક નીભાવવામા આવે છે. એ વાત ખરી છે કે આ કામે હુ પંચોને બોલાવવા ગયેલ નથી.એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ લોકોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએથી સોનીવાડ તથા કાજીવાડ ૬ થી ૭ કી.મી. ના અંતરે આવેલ છે. એ વાત ખરી છે કે આ ૬ થી ૭ કી.મી. ના અંતર વચ્ચે ઘણા બધા રહેણાંક મકાનો તથા દુકાનો આવેલી છે અને લોકોની અવર જવર ચાલતી રહે છે.એ વાત ખરી છે કે બનાવવાળુ સ્થળ જે ખુલ્લી જગ્યા છે તે કોની માલીકીનુ છે તે અંગેના કોઈ દસ્તાવેજ મે આ કામે રજુ કરેલ નથી. વધુમાં ફરીયાદી તથા તમામ સાહેદોની જુબાની જોતાં સ્થળ પરથી આરોપી પકડાયેલ નથી તેમજ બનાવવાળી જગ્યા

આરોપીની માલિકીની હતી કે કેમ ? તે અંગે પણ કોઈ પુરાવાઓ રજુ કરેલ નથી તેમજ બનાવવાળી જગ્યાએથી સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી શકે તેમ હોવા છતાં સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોને ફરીયાદપક્ષે જોડેલ નથી.આમ, આ કામે ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા તમામ સાહેદોની જુબાની તથા ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદ તેમજ સરતપાસની હકીકત કરતાં ઉલટ તપાસમાં તદ્દન વિરોધાભાસી હકીકતો રેકર્ડ પર આવેલ છે તેમજ રેકર્ડ પર જે કાંઈ પુરાવો આવેલ છે. તે ધ્યાને લેતાં આરોપીને તેમની સામેનાં ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય નહી, તેવું આ અદાલતનું માનવું છે. વધુમાં પંચસાહેદ પ્રતિક હર્ષદભાઈ ખરાદીએ આંક.૧૪ થી જુબાની જોતાં હુ પશો અંગેના ઘણા કેસોમા પંચ તરીકે રહેલ છુ. એ વાત ખરી છે કે હુ ગોધરામા ગૌરક્ષક તરીકેની સેવા કરુ છુ. એ વાત ખરી છે કે હુ અવાર નવાર પો.સ્ટે.મા જતો હોઉ પોલીસ મને સારી રીતે ઓળખે છે. એ વાત ખરી છે કે મારી ઉપર કોનો ફોન ઓલો કેટલા વાગ્યે આવેલા તે હકકીત મે મારા પંચનામા મા જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમોને ફોન આવતા ઓમ તૃપ્તી હોટેલ ઉપર કેટલા વાગ્યે કયા સમયે કયા વાહનમા ગયેલ તે પણ પંચનામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે અમારી હાજરીમા કોઈ પ્રાથમીક પંચનામુ કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે આ ટુંકા દોરાડા અમારી રૂબરૂ કબજે કરેલ હોય, તે વીગત અમોએ પંચનામામા જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમા પોલીસે જે બનાવ ની જગ્યા ઉપરથી આ પશુઓ મળી આવેલ છે તે જગ્યા કોની છે તે બાબતની કોઈ તપાસ કરેલ નથી કે પશુઓ કોની માલીકીના છે તેને પણ કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા સ્થળ ની આસપાસ ખેતરો આવેલા છે, તેવી હકીકતો જણાવતાં હોઈ સદર પંચસાહેદની જુબાની આંક–૧૮ થી રજુ મુદ્દામાલ રીકવરી તથા ગુન્હાવાળી જગ્યાનું પંચનામું પુરવાર થતું નથી. વધુમાં ત.ક.અ.નરેશકુમાર કાલીદાસ ડામોરે આંક.૩૧ થી જુબાની જોતાં તેઓએ હાલનાં આરોપી વિરૂધ્ધ

પુરતા પુરાવા પડતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે. પરંતુ સદર ત.ક.અ.ની ઉલટતપાસ જોતાં હુ સદર ગુન્હાના કામે રેડીંગ પાર્ટીનો સભ્ય હતો ફરીયાદ પણ મારી રુબરુ લેવામા આવેલ છે અને આ કામે શરુઆતની તપાસ અધીકારી ની તપાસ પણ અમોએ કરેલ છે.એ વાત ખરી છે કે કહેવાતી બાતમી મને મળેલ હોય તે અંગે પોલીસ ડાયરી મા કોઈ નોંધ કરેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદમાં બાતમી ચોકકસ કેટલા સમયે મળી પંચો પોલીસ સ્ટેશનમા કેટલા સમયે આવ્યા અને બનાવ વાળા સમયે કેટલા વાગે પહોચ્યા તે અંગેની કોઈ હકીકત ફરીયાદમા જણાવેલ નથી.એ વાત ખરી છે કે ફરીયાદ મા પંચો ના નામ ઠામ જણાવેલ નથી.એ વાત ખરી છે કે કયા સરકારી વાહનો બનાવવાળા સ્થળ પર ગયેલા તેના કોઈ નંબર ફરીયાદમા જણાવેલ નથી.એ વાત ખરી છે કે સ્થળ પરથી આરોપી ને અટક કરવામા આવેલ નથી.એ વાત ખરી છેકે આ જગ્યા કોના માલીકીની છે તે અંગનો મારી તપાસમા માલીકી અંગનો કોઈ પુરાવો મે મેળવેલ નથી.એ વાત ખરી છે કે આ કામે મે કોઈ સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે પંચોની હાજરી મા કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી.એ વાત ખરી છે કે હાલના આરોપીની નામજોગ બાતમી મળેલ. આમ, સદર ત.ક.અ. તેમની સરતપાસમાં જણાવેલ હકીકતથી તદૃન વિરોધાભાસી હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી સદર ત.ક.અ.ની તપાસ તેમજ જુબાનીનાં આધારે હાલનાં આરોપીને સદર ગુન્હામાં સંડોવી શકાય નહી, તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.

વધુમાં બનાવવાળી જગ્યાએ ખેતરો આવેલા છે, આથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હતા અને જયારે ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદો અને તપાસ કરનાર પોલીસ અધિકારી એક ખાતાના રસ ધરાવતા સાહેદ હોય,ત્યારે સ્વતંત્ર અને તટસ્થ સાહેદોનો પુરાવો મહત્વનો બની રહે છે. આમ, સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવાછતાં તપાસ કરનાર અધિકારીશ્રીએ મેળવવા પ્રયત્ન કરેલો નથી. આ

કામે પંચ આ સાહેદે પણ જુબાનીમા ફરીયાદપક્ષના કેહવા મુજબ ટુકા દોરડાથી પશુઓને ક્રુરતાપુર્વક બાંધેલ હતા તે દોરડા સ્થળ પરથી કબજે લીધેલ હોવાનુ જણાવતા નથી તેમજ સ્થળ પરથી આરોપી મળી આવેલ નથી અને આરોપીના કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ હોય તેવી પણ વિગત જણાવતા નથી જેથી મુદ્દામાલ રીકવરી પંચનામાની વિગત શંકારહીત પુરવાર થતી નથી. વધુમા આ કામે ફરીયાદીએ તેમજ અન્ય સાહેદોએ ત.ક.અ.શ્રીએ પોતાની જુબાનીમાં પકડાયેલ સદર પશુઓ કયાંથી અને કોની પાસેથી લાવેલા અને કયા કતલખાને અને કંઈ જગ્યાએ લઈ જવાના છે તે હકીકત જણાવેલ નથી તેમજ ત.ક.અ.શ્રીએ પણ તેમની જુબાનીમાં પશુઓ ટુકા દોરડે બાંધેલ હતા તેવા કોઈ દોરડા તેઓએ આ કામે કબજે કરેલ હોવાનુ જણાવેલ નથી આથી આ કામે આરોપી પશુઓ કયાંથી કોની પાસેથી લાવેલા અને કયા કતલખાને લઈ જવાના હતા તે હકીકત અંગે ફરીયાદપક્ષ કોઈ પુરાવો રજુ કરી શકેલ તથા બનાવ વાળી જગ્યા કોની માલકીની હતી તે અંગે પણ કોઈ પુરાવો રજુ નથી. વધુમાં સ્થળ પરથી હાલનાં આરોપી પકડાયેલ નથી.વધુમાં આ કામે ફરીયાદપક્ષે તપાસેલ તમામ સાહેદો પોલીસનાં માણસો છે. જેઓ રેઈડમાં સામેલ હતા. ફરીયાદ હકીકત જોતાં તેઓએ પંચનાં માણસોને સાથે રાખી બનાવવાળી જગ્યાએ રેઈડ કરેલ તેઓ ફરીયાદપક્ષનો કેસ છે. પરંતુ ફરીયાદમાં કોઈ જગ્યાએ પંચોનાં નામ જણાવેલ નથી તથા સ્વતંત્ર પંચસાહેદની જુબાની થકી પણ ફરીયાદપક્ષ ફરીયાદ હકીકત કે પંચનામાની હકીકત પુરવાર કરી શકેલ નથી. વધુમાં બનાવવાળી જગ્યાએથી આરોપીને મુદ્દામાલ પશુઓ સાથે અટક કરેલ હોઈ, તેવું પુરવાર થયેલ નથી. જેથી બનાવ સમયે આ કામનાં આરોપી જાતે મુદ્દામાલ પશુઓ ત્રાસદાયક રીતે રાખી અને ઘાસચારાની વ્યવસ્થા કરેલ ન હોઈ, તેવો સચોટ પુરાવો ફરીયાદપક્ષ આપતા નથી. જેથી ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતાં રેકર્ડ પર જે કાંઈ પુરાવો આવેલ છે. તે ધ્યાને લેતાં આરોપીને તેમની સામેનાં ગુન્હામાં તકસીરવાર ઠરાવી શકાય

નહી, તેવું આ અદાલતનું માનવું છે. જેથી આ અદાલત મુદ્દા નં.૧ નો જવાબ ''**નકારમાં**'' આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

**-:: આખરી હુકમ ::-**

**(૧)** આ કામના આરોપી ઈદરીસ સુલેમાન હયાતનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ: ૨૪૮(૧) અન્વયે ગુજરાત પશુ સરક્ષણસુધારા અધિનીયમ- ૨૦૧૧ ના સુધારા ની કલમ-૫,૮,૧૦ તથા પશુઓ પ્રત્યેક ક્રુરતા પ્રતીબંધ અધિનીયમની કલમ.૫એ,૧૦ મુજબના ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** મુદ્દામાલ પશુઓ અંગે જો અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.

**(૩)** વર્તમાન આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩, ની કલમ- ૪૩૭(એ) અન્વયે, જે તે અદાલત સમક્ષ આ હુકમની સામે અપીલ કે રીવીઝનના કામે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જાતજામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. વિકલ્પે અગાઉના જામીનની પુરસીસ રજુ કરવી.

હુકમ આજ તારીખ-૨૪ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : ગોધરા.
તા.૨૪/૦૪/૨૦૨૬

**(જે. જે. થરાયીલ)**
(Code No.GJ01652)
એડી.જ્યુડી.મેજી.ફ.ક.
ગોધરા, પંચમહાલ.

ટી.આર.મુગલ